ॐ तत्सत्

પેહેલી ચોપડી.



મૂલ્ય ૧ આનો.

ॐतत्सत्

२५१५

પેહેલી ચોપડી

નાનાં બાળકોને ઉપયોગી

થવાસારૂ.

રચીને પ્રસિદ્ધ કરનાર

वेदधर्मसभा.

મુંબઈ.

જગદીશ્વર" છાપખાનામાં છાપી.

સંવત્૧૯૩૮

સને ૧૮૮૧.

મૂલ્ય ૧ આનો.

પ્રસ્તાવના.

બાળકોને રમત કરતાં આનંદમાં અક્ષરનું જ્ઞાન થાય અને ધર્મસંબંધી નાનપણથીજ થોડો થોડો બોધ થવા માંડે એવી ચોપડીની ગુજરાતી ભાષામાં ઘણી જરૂર છે, એમ જાણી તેવિષે પ્રયત્ન કરી આ પેહલી ચોપડી રચીને બહાર પાડી છે. આમાં લખેલા અક્ષરજ્ઞાન થવાના શબ્દોને પડખે તેનો જેવો અર્થ થાય તેવું ચિત્ર આપેલું છે, તેથી ચિત્રની સાથે શબ્દમાં રહેલા અક્ષરનું જ્ઞાન છોકરાંને સેહલાઈથી થશે. ત્યારપછી અવળ સવળ શબ્દો માંડલા છે તે શીખવનારે જેમ છોકરાંના મનમાં ઉતરે તેમ બતાવવા. શબ્દમાં રહેલા અક્ષરનું છોકરાંને જ્ઞાન થાય એટલે તે શબ્દ પાટીમાં કે પાટીયાં ઉપર માંડીને તેમાંના અક્ષરો અવળ સવળ કરીને માંડવા ને ભૂસાડવા. એમ કરીને જે શબ્દ શીખાયો હોય તેમાંના અક્ષર પાકા કરાવવા. જેથી લોમ વિલોમ લખેલા શબ્દો અને તે શબ્દોમાં આવેલા અક્ષરો ઉપરથી જોડી કાઢેલા નવા શબ્દો જલદીથી વાંચી શકે. એમ એક પાઠ પાકો થયા પછી બીજો પાઠ મંડાવવો.

પેહેલો પાઠ પાકો થયો નહિં હોયતો બીજો પાઠ આંવડશે નહીં. માટે જેમ બને તેમ પેહેલો પાકો કરવો. એમ સઘળા પાઠ પૂરા થયે સંપૂર્ણ અક્ષરજ્ઞાન થશે.

અમે આશા રાખિયે છિયે કે આ ચોપડી આપણા આર્ય લોકોના બાળકોને નાની ઉમરમાં અક્ષરસંબંધી અને ધર્મ સંબંધી જ્ઞાનમાં ઉપયોગી થશે. ઈશ્વરની ઈચ્છા તો આટલેથીજ નહિ પણ બીજી ત્રીજી એમ અનુક્રમે ચોપડીયો બાહાર પાડી આર્યજનોની સમક્ષ મેલવી છે. અમને નિશ્ચય થાય છે કે ઈશ્વરના પ્રતાપથી, આર્યજનોના ઉત્સાહથી અને વેદધર્મસભાની સહાયતાથી તેમ થવામાં કંઈ વિલંબ લાગશે નહિ.


મુંબઈ સં૦ ૧૯૩૮
કાર્તિક શુક્લ ૧

વેદધર્મ સભાની
કાર્યભાર મંડળી.


અક્ષર

કખગઘન

કમળ




ચમર



ઘર



હરણ




અક્ષર, કમળ, ચમર,
ઘર, હરણ.

કમળ, ઘર, હરણ,
ચમર, અક્ષર.

અ, ક, ચ, ઘ, ણ, મ, ર, હ,
ળ, ક્ષ.

ચક, રક્ષણ, અચળ,
ઘણ, રમળ, હક,
ચરણ, ઘમઘમ, રમ.


આનક




ગાગર




ઝાડ



દાડમ



હાથ




આનક, ગાગર,
ઝાડ, દાડમ, હાથ.

ઝાડ, આનક, હાથ.
ગાગર, દાડમ.

આ, ગ, દ, ઝ, ડ, ન, થ, (ા)

ડાંગર. બા. મા. થાળ.
ધામ, રાખ, ચાચડ:
કાકા. સાર, ઝાકળ.


ઈંટ




ખીલી




તીડ



છીપ



દીવી




ઈંટ, ખીલી, ટીડ,
છીપ, દીવી.

છીપ, ટીડ, દીવી,
ખીલી, ઈંટ.

ઈ, છ, ટ, ખ, વ, પ, લ, (િ)
(ી) (ં)

પીળી, બીડી, ઝીણી, ઘી,
ગીરધારી, ઢીલી, હીર,
ચીર, ક્ષીર, મીણ, હાથી.


ઊંટ




ઠુંઠું



ધૂણી



સૂરજ



ફૂલ




ઊંટ, ઠુઠું, ઘૂણી
સૂરજ, ફૂલ.
ઘૂણી, ફૂલ, ઊંટ,
ઠુઠુ, સૂરજ.


ઉ, ઠ, ઘ, સ, જ, ફ, (ુ)(ૂ)(ં)

જુનું, ફુંકાવટી, ટુવાલ,
પુછું, થુથુ, ગુરૂ, ખુલું,
બૂંદ, ઘૂડ, ઝુંપડું, દૂણું.

એરણ




શેષ



પેન



બેલ



મેનાં




એરણ, શેષ, પેન,
બેલ, મેનાં.

પેન, મેનાં, બેલ,
શેષ, એરણ.


એ, ન, શ, ષ, બ, (ે)

નેતર, લેખણ, ડેડકું,
રેતી, ઠેકડી, સેવા,
જેજે, કેર, છેટે,
દેખે, લેરેલ, પેટી.

ઐરાવત



પૈડું



સૈ



દૈત



મૈયારી



ઐરાવત, પૈડું, સૈ,
દૈત, મૈયારી.
પૈડું, મૈયારી, ઐરાવત,
દૈત, સૈ.


ઐ, વ, ત, (ૈ) ય.

રૈયત, કૈ, વૈદ, થૈથૈ,
લૈ, રૈવત, કૈરવ,
મૈયર, પૈસો, બૈયર,
તૈયાર.


ઓરડો



તોપ



ઢોલ



ઔષધની
શીશી



જોશી




ઓરડો, તોપ, ઢોલ,
ઔષધનીશીશી, ભેશી.
ભેશી, તોપ, ઓરડો,
ઢોલ, ઔષધનીશીશી.


ઓ, ઔ, ઢ, (ો) (ૌ).

રોટલો, પોપટ, નોળીયું.
શોષ, ધોબી, ઠાકર,
સોપારી, ફોજ, છોડ,
ખોટો.


યજ્ઞ



ભેંશ



ગાય




જ્ઞ, ભ.


ઘોડો, બકરી, વાઘ,
સિંહ, રોઝ, વાનર,
મોર, કોયલ, હંસ,
કબુતર, ગરૂડ, ચકલી,
કેરી, કેળું, લીંબુ,
નાળીયેર, બોર, બીલું,
મોગરો, ગુલાબ, જુઈ,
ચમેલી, ગલગોટો, કેરણ,
એળચી, જાયફળ, લવીંગ,
જાવંત્રી, કેસર, કંકુ.


મામા, બેન, ભાઈ,
દાદા, નાના, ભાભી,
દોરો, કંઠી, વીંટી,
કડું, વાળી, પોંચી,
કાન, આંખ, નાક,
જીભ, માથું, પગ.


અ, આ, ઇ, ઈ, ઉ, ઊ,
એ, ઐ, ઓ, ઔ, અં, અઃ

ક, ખ, ગ, ઘ, ઙ; ચ, છ, જ, ઝ, ઞ; ટ
ઠ, ડ, ઢ, ણ; ત, થ, દ, ધ, ન; પ, ફ, બ, ભ, મ;
ય, ર, લ, વ, શ, ષ, સ, હ, ળ, ક્ષ, જ્ઞ.









ષ ષા ષિ ષી ષુ ષૂ ષે ષૈ ષો ષૌ ષં ષઃ

સ સા સિ સી સુ સૂ સે સૈ સો સૌ સં સઃ

હ હા હિ હી હુ હૂ હે હૈ હો હૌ હં હઃ

ળ ળા ળિ ળી ળુ ળૂ ળે ળૈ ળો ળૌ ળં ળઃ

ક્ષ ક્ષા ક્ષિ ક્ષી ક્ષુ ક્ષૂ ક્ષે ક્ષૈ ક્ષો ક્ષૌ ક્ષં ક્ષઃ

જ્ઞ જ્ઞા જ્ઞિ જ્ઞી જ્ઞુ જ્ઞૂ જ્ઞે જ્ઞૈ જ્ઞો જ્ઞૌ જ્ઞં જ્ઞઃ

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦

એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ



પાઠ ૧ લો.

પઢો પોપટજી !
લટપટ પંખી, ચતુર સુજાણ;
પઢો પોપટજી, શ્રી ભગવાન.
પોપટજી! પઢો.
પઢે તે પોપટ, ન પઢે તે સુડા;
પંખીની જાતમાં, પોપટજી રૂડા.
પોપટજી! પઢો.

પાઠ ૨ જો.

સોટી વાગે ચમચમ,
વિદ્યા આવે રમઝમ;
ખડિયો પાટી હાથે લઈ,
જમના બેન નિશાળે ગઈ.

પાઠ ૩ જો.

કૃષ્ણ.

રામ નામ લાડવા, ગોપાલનામ ઘી;
કૃષ્ણ નામ ખીરખાંડ, ઘોળી ઘોળી પી.

પાઠ ૪ થો.

કોઈનું કાંઈ લેવું નહિ.
કોઈને દુઃખ દેવું નહિ.
ખોટું બોલવું નહિ.
નઠારે આચરણે ચાલવું નહિ.
કોઈનું અવળું કરવું નહિ.
સવારમાં વેલું ઉઠવું.

દાતણ કરી નાહી ધોઈ ચોખું થવું.
પરમેશ્વરનું સ્મરણ કરવું.
માબાપ કહે તે કરવું.
ભણી ગણીને ડાહ્યા થવું.
રોજ નિશાળે જવું.
કજીઓ કરવો નહિ.
રજાવગર ઘરમાંથી બહાર જવું નહિ.
લુગડાં મેલાં રાખવાં નહિં.
ચોપડિ ફાડી નાખવી નહિ.
પોતાનો સામાન સંભાળી રાખવો.
કાચું કોરૂં ખાવું નહિ.
કોઈની આળ કરવી નહિ.

પાઠ ૫ મો.

નારાયણ, સોમનાથ.

સોમનાથ નારાયણને કહે છે, કે ભા-
ઈ! આજ આપણે અસુર થઈ ગ-
યું છે માટે ચાલો ઉતાવળથી નિ-
શાળે પોચી જઈએ. વેલા જશું તો

નંબર પેહેલો મળશે.

નારાયણ કહે ઠીક ભાઈ, આવું છું. પણ હું માતા પિતાને પ્રણામ કરી તેની આજ્ઞા લઈ આવું, અને દફતરમાં ચોપડી ભરી લઈ આવું, તેટલીવાર મારે માટે ઉભા રહો તો હું મોટો પાડ માનીશ.

સોમનાથ કહે ઠીક ભાઈ, ઉભો છું. તમે વેહેલા આવજો. વાર લાગશે તો નંબર જતો રેહેશે. અને પાઠમાં પાછળ રેહેશું.

નારાયણ કહે, આ આવ્યો ભાઈ!

પાઠ ૬ ઠો.


ધર્મની આજ્ઞાઓ.

સાચું બોલવું.

ધર્મ પાળવો.

માતા પિતાની આજ્ઞા માનવી.

સદ્‌ગુરૂની આજ્ઞા માનવી.
પરમેશ્વરઉપર ભાવ રાખવો.
ઘેર આવેલાને માન આપવું.
સો ઉપર દયા રાખવી.
મન અને વાણી નિર્મળ રાખવાં.
સારાં માણસનો સંગ કરવો.
સારાં આચરણે ચાલવું.



વેદ ધર્મ સભા તરફથી પ્રકટ થયેલાં પુસ્તકો.

	રૂ.	આ.	પા.
પ્રબોધચંદ્રોદયનાટક…	૦	૧૦	૦
પેહેલી ચોપડી ……	૦	૧	૦
આર્યધર્મપ્રકાશ (દર માસે પ્રકટ થાય છે તે) ……	૧	૮	૦

આ પુસ્તકો ભુલેશ્વર નજીક ફી રંગીના દેવળ પાસે ઘર નંબર ૨૯ માંથી મલશે. બહારગામવાળાએ ટપાલ ખરચ વધારે મોકલવું.